For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરામાં 50 થી 60 કિમીની ઝડપે વાવાઝોડુ ફૂંકાયું

અનેક જગ્યાએ ઝાડ તેમજ હોર્ડિંગ્સ ધરાશાયી થવાની ઘટના પણ બની

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

હવામાન વિભાગની આગાહી પ્રમાણે વડોદરા શહેરમાં સાંજે વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો. અચાનક આવેલા પલટાને કારણે વિઝિબિલિટી ઘટતા વાહન ચાલકો પણ અટવાયા હતા. બીજી તરફ કેટલાક વિસ્તારોમાં વીજળી પણ ગુલ થઈ હતી.વડોદરા સહિત રાજ્યમાં બે દિવસ અપર એર સર્ક્યુલેશનના કારણે હવામાનમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. વડોદરામાં ગુરુવારે વહેલી સવારે ખુશનુમા વાતાવરણનો અહેસાસ થયો હતો. વહેલી સવારે ઠંડા પવન ફૂંકાયા હતા. પરિણામે ગરમીની મોસમમાં વાતાવરણ ખુશનુમા બન્યું હતું. માવઠાને પગલે ખેતીના પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. કેટલાક મહાનગરોમાં પણ ધૂળની ડમરીઓ ઉડવાની સાથે જોરદાર પવન ફૂંકાયો હતો. આ અણધાર્યા ફેરફારને કારણે ગરમીથી કામચલાઉ રાહત મળી છે, પરંતુ વંટોળ અને વરસાદને લીધે વ્યાપક અસર કેટલાક જિલ્લામાં જોવા મળી રહી છે. નોંધનીય છે કે, રાજ્યના હવામાન વિભાગ દ્વારા બે દિવસ કમોસમી વરસાદ અને ભારે પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી હતી. જેના પગલે ગુરુવારે વહેલી સવારે ઠંડા પવનો ફૂંકાયા હતા. જ્યારે સાંજના સમયે 50 થી 60 કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. જોરદાર પવન ફૂંકાવાના કારણે ધૂળની ડમરીઓ ઉડતા વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે અનેક જગ્યાએ ઝાડ તેમજ હોર્ડિંગ્સ તૂટી પડવાની પણ ઘટના બની હતી. આ ઉપરાંત શહેરના છૂટા છવાયા વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો.

હરણી સમા લિંક રોડ પર કુવેચ ઉડતાં અફરાતફરી

શહેરના હરણી સમા લિંક રોડ પર આવેલા સીએનજી પંપ સામે વાવાઝોડા દરમિયાન કુવેચ ઉડતાં અચાનક અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રોડ કિનારે ઉગેલા દેશી બાવળના ઝાડમાં રહેલી કુવેચ પવનના ઝોકાથી ઉડી રહીશોના શરીરે ચોંટી જતા લોકોને ભારે ખંજવાળની સમસ્યા ઉભી થઈ હતી. માહિતી મુજબ, સાંજના સમયે આવેલા તેજ પવન દરમિયાન આ ઘટના બની હતી. કુવેચના સંપર્કમાં આવતા લોકો અચાનક ખંજવાળ અનુભવતા ગભરાઈ ગયા હતા અને સ્થળ પર દોડાદોડી મચી ગઈ હતી.

ગોડાઉન પર જ નિયમોના લીરેલીરા ઊડ્યા, પાછલા બારણે સિલિન્ડરનું વેચાણ

શહેરમાં દિવ્યા ગેસ એજન્સીની 'બેધારી' નીતિ ખુલ્લી પડી ગઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.19

શહેરના નવાયાર્ડ રામવાડી વિસ્તારમાં આવેલી 'દિવ્યા ગેસ એજન્સી' હાલ વિવાદોમાં સપડાઈ છે. એજન્સી દ્વારા સરકારી નિયમો અને પોતાના જ જાહેર કરેલા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતું હોવાનો વીડિયો સામે આવ્યો છે, જેમાં ગ્રાહકો દ્વારા એજન્સીની પોલ ખોલવામાં આવી છે. દિવ્યા ગેસ એજન્સીના ગોડાઉન પર સ્પષ્ટ અક્ષરોમાં બોર્ડ મારવામાં આવ્યું છે કે, "ગોડાઉન પરથી ગેસ સિલિન્ડર આપવામાં આવશે નહીં."

સુરક્ષા અને નિયમોના ભાગરૂપે ગેસ એજન્સીઓએ ગ્રાહકોને ઘરે જ ડિલિવરી આપવાની હોય છે. આમ છતાં, આ એજન્સી દ્વારા બોર્ડ પર લખાયેલી સૂચનાથી વિપરીત કામગીરી કરવામાં આવી રહી છે. સ્થાનિક સ્તરે સામે આવેલા દ્રશ્યોમાં જોવા મળ્યું છે કે અનેક લોકો એજન્સીના ગોડાઉન પરથી જાતે જ ગેસના બાટલા લઈ જતા નજરે પડ્યા છે.

ગ્રાહકોએ આ અંગે હોબાળો મચાવ્યો હતો અને એજન્સીની બેધારી નીતિ સામે સવાલો ઉઠાવ્યા હતા. એક તરફ બોર્ડ મારીને મનાઈ કરવામાં આવે છે, તો બીજી તરફ ચોર રસ્તે કે નિયમોનો ભંગ કરીને સિલિન્ડરનું વિતરણ કેવી રીતે થઈ રહ્યું છે તે તપાસનો વિષય છે. ગોડાઉન પરથી સીધું વિતરણ કરવું એ સુરક્ષાની દ્રષ્ટિએ પણ જોખમી સાબિત થઈ શકે છે.

વાહનો પર જોખમી રીતે બાટલા લઈ જવાથી અકસ્માતનો ભય રહે છે. આ ઘટનાને પગલે સ્થાનિક તંત્ર અને પુરવઠા વિભાગ આ ગેસ એજન્સી સામે કેવા પગલાં લે છે તે જોવું રહ્યું.

પરિજનોનો સારવારમાં વિલંબનો આક્ષેપ

મકરપુરા GIDCમાં કર્મચારીને બ્રેન હેમરેજ થતાં દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરા શહેરના મકરપુરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી પ્રો. ટેક 850/3 કંપનીમાં કોન્ટ્રાક્ટ હેઠળ હાઉસકીપિંગનું કામ કરતા પ્રવીણભાઈ સોલંકીની આજે સવારે આશરે 8:45 વાગ્યે અચાનક તબિયત બગડી ગઈ હતી. કંપની દ્વારા તેમના પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પરિવારજનો તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન ડોક્ટરોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રવીણભાઈને મગજની નસ ફાટી જવાથી બ્રેઈન હેમરેજ થયું છે. આ શબ્દો સાંભળતા પરિવારજનોમાં દુઃખની લાગણી પ્રસરી ગઈ હતી. બીજી તરફ પરિવારજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, પ્રવીણભાઈ કંપનીમાં કામ કરતા હોવાથી તેમની તબિયત બગડતાં જ કંપની અથવા

કોન્ટ્રાક્ટર દ્વારા તાત્કાલિક સારવાર માટે 108 એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલમાં દાખલ કરવા જોઈએ. પરંતુ એવું ન થતાં પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે સવારે 8:45 થી 10:45 સુધીનો લગભગ દોઢથી બે કલાકનો કિંમતી સમય બગડ્યો. પરિવારના જણાવ્યા મુજબ, પુત્ર આવ્યા બાદ 108 પર કોલ કરી પ્રવીણભાઈને એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરિવારજનો માને છે કે, જો સમયસર સારવાર મળી હોત તો હાલની ગંભીર પરિસ્થિતિ ટાળી શકાય હોત.

પાણીગેટ અને દાંડિયાબજાર ફાયર સ્ટેશનના જવાનોએ બાજી સંભાળી

માંડવી પાસે ડ્રેસ મટીરીયલની દુકાનના બીજા માળે આગ ભભૂકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરાના માંડવી પાસે આવેલી શાહ હસ્તીમલ આયદાનજી ટ્રેડિશનલ ડ્રેશ મટીરીયલ રેડીમેડ ડ્રેસીસની દુકાનના બીજા માળે ભીષણ આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. જોકે, પાણીગેટ અને દાંડિયા બજાર ફાયર સ્ટેશનના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આ મકાનમાં નીચે દુકાન અને ઉપર ગોડાઉન તરીકે ઉપયોગ કરવામાં આવતો હોય લાખો રૂપિયાના નુકસાનની શકયતા વ્યક્ત કરવામાં આવી હતી. વડોદરા શહેરમાં ગરમીના પ્રારંભે શરૂ થયેલો આગ લાગવાનો સિલસિલો આજે પણ યથાવત જોવા મળી રહ્યો છે.

તેવામાં માંડવી નજીક આવેલ ગાયકવાડ શાસનકાળ દરમિયાનના લાકડાની બે મજલી દુકાનના બીજા માટે આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જોકે એમજી રોડ એટલે એક મોટું બજાર હોય આગની આ ઘટનાથી વિવિધ સર સામાનની દુકાન ધરાવતા વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો હતો. બનાવની જાણ કરવામાં આવતા પાણીગેટ અને દાંડિયા બજાર ફાયર સ્ટેશનના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને અડધો કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. સબ ફાયર ઓફિસર પ્રતાપ ડામોરે જણાવ્યું હતું કે, આગને સંપૂર્ણ કાબુમાં લઈ લીધી હતી લાકડાનું મકાન હતું, એટલે આગ વિકરાળ બની હતી. દાંડિયા બજાર અને પાણીગેટ ફાયર સ્ટેશનનો સ્ટાફ આવી ગયો હતો, સાથે પોલીસ પણ આવી પહોંચી હતી અને એમજી રોડ પર લોકોની અવરજવર બંધ કરી આગ પર કાબુ મેળવવા કાર્યવાહી હાથધરી હતી. આશરે અડધો કલાકની જહેમત ઉઠાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. અમે આવ્યા ત્યારે આખા મકાનમાં ધુમાડો પ્રસરી ગયો હતો. કોઈ હાજર નહીં હોવાથી જાનહાની થતા ટળી છે. જોકે, શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવ્યું હતું.

પ્રેમ પ્રકરણની આશંકા

છાણી કેનાલમાં ડૂબી ગયેલા યુવકનો મૃતદેહ મળી આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરાના છાણી નર્મદા કેનાલમાં વધુ યુવક ડૂબ્યો હોવાની ઘટના બની હતી. ફાયર વિભાગને યુવક ડૂબ્યો હોવાનો કોલ મળતા ફાયરબ્રિગેડના જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને કેનાલમાં લાપતા બનેલા યુવકની શોધખોળ હાથધરી હતી. કલાકોની જહેમત બાદ કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક યુવક કૃણાલ પાર્ટેએ પ્રેમપ્રકરણને કારણે આ પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. વડોદરા શહેરમાં હોળી ધુળેટીના તહેવારમાં કેનાલમાં ડૂબી જવાની ઘટનાઓ બની હતી. જે બાદ આજે ફરી એક વખત છાણી વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં એક યુવક ડૂબ્યો હોવાની ઘટના બની છે. ફાયર સિટી કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમમાં કોલ મળ્યો હતો કે, એક યુવક છાણી કેનાલમાં ડૂબી ગયો છે. આ ઘટનાની જાણ થતાં જ છાણી ટીપી 13 ફાયર સ્ટેશનના જવાનો તાબડતોડ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જ્યારે આ બનાવની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ કેનાલમાં બોટ ઉતારી ડૂબી ગયેલા યુવકની શોધખોળ હાથ ધરી છે. જ્યારે મહીસાગર ખાતેથી પણ તરવૈયા બોલાવાયા હતા. અંતે ફાયર બ્રિગેડ અને તરવૈયાઓની કલાકોની જહેમત બાદ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

સીટી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સયાજીપુરાથી 29 વર્ષીય શખ્સને દબોચી લીધો

રાહદારીને અડફેટે લેનાર 'હિટ એન્ડ રન'નો આરોપી ગણતરીના કલાકોમાં ઝબ્બે કરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.19

વડોદરા શહેરના અતિ વ્યસ્ત એવા એમ.જી. રોડ, માંડવી અને પાણીગેટ વિસ્તારમાં ગત રાત્રિએ એક બેફામ બનેલા કાર ચાલકે રાહદારીઓના જીવ અધ્ધર કરી દીધા હતા. પોતાની ફોર-વ્હીલર કારને જાણે રેસિંગ ટ્રેક પર દોડાવતો હોય તેમ ગફલતભરી રીતે હંકારી રહેલા આ શખ્સે એક નિર્દોષ રાહદારીને અડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી હતી. જોકે, અકસ્માત સર્જીને પલાયન થઈ જનાર 29 વર્ષીય શખ્સને વડોદરા સીટી પોલીસે ગણતરીના કલાકોમાં તેના ઘરના ઉંબરેથી દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું છે. ઘટનાની વિગતો મુજબ, શહેરના ગીચ વિસ્તાર

ગણાતા એમ.જી. રોડ પરથી માંડવી અને પાણીગેટ દરવાજા તરફ એક કાર ચાલક પોતાની ફોર-વ્હીલર અત્યંત જોખમી રીતે હંકારી રહ્યો હતો. ટ્રાફિકથી ભરચક રહેતા આ રસ્તા પર કારની સ્પીડ જોઈને રાહદારીઓમાં ફાળ પડી હતી. આ દરમિયાન માર્ગ પરથી પસાર થઈ રહેલા ફરિયાદીને કારે જોરદાર ટક્કર મારતા તેઓ ફંગોળાયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ ઈજાગ્રસ્તની વહારે આવવાને બદલે આરોપી પોતાની કાર સાથે ફિલ્મી ઢબે નાસી છૂટ્યો હતો. આ બનાવની ગંભીરતાને જોતા ACP જી-ડીવીઝન એમ.પી. ભોજાણી અને સીટી પોલીસ સ્ટેશનના I/C PI કે.ડી. માંગરોલીયાએ તાત્કાલિક સર્વેલન્સ સ્કોડને કામે લગાડી હતી. PSI એસ.સી. પટેલ અને તેમની ટીમે સમગ્ર રૂટના સીસીટીવી ફૂટેજ ખંખેર્યા હતા.

ટેકનિકલ સોર્સિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસને સચોટ બાતમી મળી હતી કે અકસ્માત સર્જનાર કાર ચાલક સયાજીપુરા વિસ્તારમાં છુપાયો છે. સીટી પોલીસે સયાજીપુરામાં દરોડો પાડી 29 વર્ષીય ધ્રુવકુમાર હર્ષદભાઈ પટેલને દબોચી લીધો હતો. તેની પૂછપરછમાં અકસ્માતની વાત કબૂલાતા પોલીસે તેની ધરપકડ કરી છે.

પોલીસે આ ગુનામાં જૂની ધારાઓને બદલે ભારતીય ન્યાય સંહિતા (BNS)-2023ની કલમ 281 (બેદરકારીથી વાહન ચલાવવું) અને 125(એ) (અન્યના જીવને જોખમમાં મૂકવો) તેમજ મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

શાળા છોડવાના પ્રમાણપત્રમાં એકરૂપતા લવાશે

વિદ્યાર્થીના LCમાં અપાર આઈડી અને બેંક ખાતાની વિગતો ઉમેરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

શિક્ષણ વિભાગ દ્વારા તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને અપાતા શાળા છોડવાના પ્રમાણપત્રમાં એકરૂપતા લાવવા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા અલગ અલગ ફોર્મેટમાં પ્રમાણપત્રો આપવામાં આવતા હતા. જેમાં હવે ફેરફાર કરવામાં આવ્યો છે અને નવી વિગતો ઉમેરવામાં આવી છે. રાજ્ય સરકારે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં એક નિશ્ચિત નમૂનો જાહેર કર્યો છે. હવેથી તમામ શાળાઓએ આ નવા નમુના મુજબ જ એલસી આપવાની રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આ નવા ફોર્મેટમાં આધુનિક જરૂરિયાતોને ધ્યાને રાખીને કેટલીક મહત્વપૂર્ણ વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે અગાઉના પ્રમાણપત્રોમાં જોવા મળતી ન હતી. અગાઉ એલસીમાં યુનિક આઈડી કે બેંક વિગતોનો ઉલ્લેખ ન હોવાને કારણે આગળના પ્રવેશ અથવા સરકારી યોજનાઓના લાભ મેળવતી વખતે વાલીઓને મુશ્કેલી પડતી હતી. હવે, આ નવી સિસ્ટમથી સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાઓના ડેટામાં એક સૂત્રતા જળવાશે.

આ અંગે પ્રાથમિક શિક્ષણ નિયામકને શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર પાઠવી દેવામાં આવ્યો છે. નવા ફોર્મેટમાં યુનીક આઈડી નંબર એટલે કે, વિદ્યાર્થીની શૈક્ષણિક ઓળખ માટેનો વિશિષ્ટ નંબર સાથે અપાર આઈડી નંબર ભારત સરકારની વન નેશન , વન સ્ટુડન્ટ આઈડી યોજના હેઠળનો ડિજિટલ આઈડી અને બેંક ખાતાની વિગતો જેમાં શિષ્યવૃત્તિ અને અન્ય સરકારી સહાય માટે વિદ્યાર્થીના બેન્ક એકાઉન્ટની માહિતીની વિગતો આ નવા ફોર્મેટમાં ઉમેરવામાં આવી છે.

મોંઘવારીનો માર સામાન્ય જનતા માટે હવે 'કાજુ-કતરી' બની મોંઘી મિજબાની : વેપારીઓ ચિંતામાં મૂકાયા

યુદ્ધના વિઘ્નથી આયાત બંધ : ડ્રાયફ્રૂટ્સ મોંઘા

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

ખાડી દેશોમાં સર્જાયેલી યુદ્ધની તંગદિલીની સીધી અસર હવે ભારતીય બજારો અને સામાન્ય નાગરિકોના રસોડા સુધી પહોંચી છે. યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે આયાત-નિકાસના માર્ગો અવરોધાતા ડ્રાયફ્રૂટ્સના ભાવમાં રાતોરાત મોટો ઉછાળો જોવા મળ્યો છે. વડોદરા સહિત રાજ્યના મુખ્ય બજારોમાં ડ્રાયફ્રૂટ્સના ભાવમાં પ્રતિ કિલો રૂ. 50 થી 100 સુધીનો વધારો ઝીંકાયો છે, જેના કારણે આગામી દિવસોમાં મીઠાઈ, ફરસાણ અને આઈસ્ક્રીમ પણ મોંઘા થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. વિગતવાર પ્રાપ્ત માહિતી મુજબ, અફઘાનિસ્તાન અને ઈરાન જેવા દેશોમાંથી આવતા ડ્રાયફ્રૂટ્સના પુરવઠા પર માઠી અસર પડી છે.

ખાસ કરીને અંજીર, કાળી દ્રાક્ષ, પિસ્તા, જરદાળુ અને મુનક્કા દ્રાક્ષ જેવી ચીજવસ્તુઓના ભાવમાં મોટો વધારો થયો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, યુદ્ધની પરિસ્થિતિને કારણે ઈમ્પોર્ટના રસ્તાઓ બંધ હોવાથી નવો માલ આવી રહ્યો નથી, જ્યારે સામે પક્ષે માંગ સતત વધી રહી છે.

માત્ર ડ્રાયફ્રૂટ્સ જ નહીં, સ્વાદ પણ મોંઘો થશે!

વડોદરાના વેપારી ના જણાવ્યા મુજબ ખાડી દેશોના યુદ્ધે માત્ર સીમાઓ જ નહીં, પણ સામાન્ય માણસનું બજેટ પણ હલાવી દીધું છે. ડ્રાયફ્રૂટ્સના ભાવમાં થયેલો રૂ. 100 સુધીનો વધારો માત્ર શરૂઆત છે. વેપારીઓના મતે, જે આઈસ્ક્રીમ અને મીઠાઈમાં ભરપૂર ડ્રાયફ્રૂટ્સ વપરાય છે, તેની કિંમતોમાં પણ ટૂંક સમયમાં જ મોટો ઉછાળો આવશે. તહેવારોની મોસમમાં "કાજુ-કતરી" થી લઈને "ડ્રાયફ્રૂટ ફરસાણ" સુધીની દરેક વાનગી હવે સામાન્ય જનતા માટે મોંઘી મિજબાની બની રહેશે! **કૈલાસ પલુરામ કાલડા,** સદ્ગુરુ કૃપા ડ્રાય ફ્રુટ સ્ટોર માલિક

તહેવારોની સીઝન ટાણે જ મોંઘવારીનો માર

ભારતમાં હાલમાં ઈદ સહિતના અન્ય તહેવારો નજીક આવી રહ્યા છે, ત્યારે ડ્રાયફ્રૂટ્સની માંગ ટોચ પર હોય છે. તહેવારોના સમયે જ ભાવ વધતા ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે જો યુદ્ધની સ્થિતિ વહેલી તકે થાળે નહીં પડે, તો હજુ પણ ભાવોમાં વધારો થઈ શકે છે.માત્ર ડ્રાયફ્રૂટ્સ જ નહીં, પણ તેના પર નિર્ભર અન્ય ઉદ્યોગો પણ મુશ્કેલીમાં મુકાયા છે. આઈસ્ક્રીમ, સ્વીટ અને ફરસાણ બનાવતા એકમોમાં ડ્રાયફ્રૂટ્સનો બહોળો ઉપયોગ થતો હોય છે. હવે જ્યારે કાચા માલ તરીકે ડ્રાયફ્રૂટ્સ મોંઘા થયા છે, ત્યારે આ તૈયાર વસ્તુઓના ભાવ પણ 100% વધવાની શક્યતા છે. વેપારીઓ આ પરિસ્થિતિ માટે સરકાર તરફ મીટ માંડી રહ્યા છે અને આશા વ્યક્ત કરી રહ્યા છે કે યુદ્ધ જલ્દી વિરામ લે જેથી બજારમાં સ્થિરતા આવે.

યુજીસીની નવી ગાઈડલાઈન જાહેર

શારીરિક-માનસિક સ્વાસ્થ્યને શિક્ષણનો હિસ્સો બનાવાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

યુજીસી દ્વારા નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જે મુજબ વિદ્યાર્થીના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને શિક્ષણનો અનિવાર્ય હિસ્સો બનાવી દેવાયો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ આ માર્ગદર્શિકા હવે દરેક યુનિવર્સિટી અને કોલેજોએ લાગુ કરવી પડશે. વિદ્યાર્થીઓએ હવે ડિગ્રી મેળવવા માટે મેદાનમાં પરસેવો પાડવો પડશે, ભણતરની સાથે કસરતના માર્ક્સ ગણાશે.

દરેક કોલેજ-યુનિવર્સિટીમાં સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર બનશે. 12 મિનિટની દોડ કે વોક ટેસ્ટના આધારે વિદ્યાર્થીને આગળના સેમેસ્ટરમાં પ્રમોશન અપાશે. યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશને ચિંતા વ્યક્ત કરી છે કે કોલેજોમાં રમતગમતની ફી લેવાય છે, પરંતુ માત્ર 1થી 2% વિદ્યાર્થીઓ જ તેનો લાભ લે છે.

આથી હવે શારીરિક પ્રવૃત્તિને ઈવેલ્યુએશન પ્રોસેસ સાથે જોડી દેવામાં આવી છે. વિદ્યાર્થીની શક્તિ, સહનશક્તિ અને સંકલન ક્ષમતાના આધારે તેને આગામી સેમેસ્ટરમાં પ્રમોશન આપવામાં આવશે. શારીરિક રીતે અસ્વસ્થ વિદ્યાર્થી સમાજ માટે જવાબદારી સમાન છે તેવું બોર્ડનું માનવું છે.

દરેક ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાએ હવે એક સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર બનાવવું પડશે જે સિંગલ-વિન્ડો સિસ્ટમ તરીકે કામ કરશે. આ સેન્ટરમાં મનોવિજ્ઞાન અને શારીરિક શિક્ષણના નિષ્ણાત કાઉન્સેલર્સ રહેશે જે વિદ્યાર્થીઓને એકેડેમિક પ્રેશર, ડિપ્રેશન અને કરિયરની મૂંઝવણોમાં મદદ કરશે. આ સેન્ટર ઓનલાઈન અને ટેલિફોનિક હેલ્પલાઈન દ્વારા પણ સેવા આપશે.

માર્ગદર્શિકા મુજબ, કોલેજોએ અત્યાધુનિક જિમ્નેશિયમ, યોગ સેન્ટર અને ઈન્ડોર-આઉટડોર સ્પોર્ટ્સ સુવિધાઓ ઊભી કરવી પડશે. ખાસ કરીને ગર્લ્સ સ્ટુડન્ટ્સ માટે સેલ્ફ-ડિફેન્સની તાલીમ નિયમિત ધોરણે યોજવી પડશે. આ ઉપરાંત, સંસ્થાઓએ એઈમ્સ જેવી પ્રતિષ્ઠિત મેડિકલ સંસ્થાઓ સાથે એમઓયુ કરવા પડશે, જેથી જરૂર પડ્યે વિદ્યાર્થીઓને નિષ્ણાત સારવાર મળી રહે.